Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-3, Issue-9, Continuous Issue-25, May - June 2024

# શ્રીમદ્ ભગવદ્ગીતામાં તત્વચિંતનનું આલેખન

-કુંકણા નિરવાનભાઈ સી.

જગતના અનેક ધર્મ-સંપ્રદાયોમાં અધ્યાત્મ વિષયક ગ્રંથો લખાયેલા છે પણ તેમાં વિશેષ રીતે ચિરંજીવી સ્થાન પ્રાપ્ત કર્યું હોય તેવા આધ્યાત્મવિષયક ગ્રંથ ખૂબ જ ઓછા જોવા મળે છે. તેમાં શ્રીમદ્ ભગવદ્ગીતા એક વિશેષ જોવા મળતો ગ્રંથ છે. તેની તુલના અન્ય ગ્રંથો સાથે કરવું ઘણું મુશ્કેલ જોવા મળે છે. કેમકે તેમાં છુપાયેલું રહસ્ય એટલું બધું ઊંડુ અને ગહન છે કે તેનું સંપુર્ણ રહસ્ય સમજવું પણ અશક્ય છે.

શ્રીમદ્ ભગવદ્ગીતા એ હિંદુ ધર્મનો પ્રાચીન અને મુખ્ય પવિત્ર ગ્રંથ છે. ગીતા હિંદુ ધર્મનો ગણાતો હોવા છતાં ફક્ત હિંદુઓ પૂરતો સીમિત ન રહેતાં પૂરા માનવસમાજ માટેનો ગ્રંથ ગણાય છે. તેમાંથી કોઈ પણ વ્યક્તિ પોતાના જીવન વિષયક માર્ગદર્શન મેળવી શકે છે. તેમજ વિશ્વના અનેક તત્વચિંતકોએ તેમાંથી માર્ગદર્શન લીધું છે. હિંદુ ધર્મના પણ ઘણા ધર્મગ્રંથો છે, પરંતુ ગીતાનું મહત્વ અલૌકિક છે. ગીતાને સ્મૃતિગ્રંથ માનવામાં આવે છે.

મૂળ ભગવદ્ગીતા સંસ્કૃતમાં રચાયેલી છે. જેમાં કુલ ૧૮ અધ્યાય અને ૭૦૦ શ્લોકો છે. સંપૂર્ણ ગીતા થોડા શ્લોકોના અપવાદ સિવાય અનુષ્ટુપ છંદમાં છે. ગીતાનો સમયકાળ આશરે ઈ.સ. પૂર્વે ૩૦૬૬ નો માનવામાં આવે છે. ભારતના બે આદિગ્રંથો પૈકીનું મહાભારત મહર્ષ વેદવ્યાસે રચેલું છે. મહાભારત પાંડવો અને કૌરવો વચ્ચેના રાજકીય કાવાદાવા, સ્પર્ધા અને અંતે યુદ્ધની કથા છે. મહાભારતના યુદ્ધના પ્રથમ દિવસે પાંડવ અર્જુન પોતાના મિત્ર, માર્ગદર્શક અને સારથિ બનેલા શ્રી કૃષ્ણને રથ બંને સેના વચ્ચે લેવાનું કહે છે. બંને સેનાનું વિહાંગાવલોકન કરતી વખતે અર્જુનને લાખો લોકોના મૃત્યુનો ખ્યાલ આવ્યો, યુદ્ધના પરિણામોથી તે ભગભીત થઈ, યુદ્ધ ન કરવાના વિચારો કરવા લાગ્યો, તેના હાથમાંથી ધનુષ પડી જાય છે. અને તે રથમાં બેસી પડે છે. તેમજ કોઈ માર્ગ ન સુઝતાં કૃષ્ણને માર્ગદર્શન માટે પૂછે છે અર્જુન અને કૃષ્ણના સંવાદો મહાભારતના ભીષ્મપર્વમાં તે અઢાર અધ્યાયો ગીતા તરીકે પ્રચલિત છે.

ગીતામાં અર્જુન માનવનું પ્રતિનિધિત્વ કરે છે અને માનવ તરફથી ભગવાન કૃષ્ણને જીવનને લગતા વિવિધ પશ્નો કરે છે. ગીતા મુજબ માનવ-જીવન એક યુદ્ધ છે. તેમાં દરેકે લડવું પડે છે. યુદ્ધમાં પીછેહઠ કર્યા વગર આગળ વધવું તે ગીતાનો સંદેશ છે.

ગીતા કોઈ સામાન્ય ધર્મગ્રંથની જેમ કશુંક કરવા માટે આગ્રહ કરતી નથી, પરંતુ સાચો માર્ગ બનાવી માનવને નિર્ણય લેવા માટે સ્વતંત્રતા આપે છે. ગીતાનું પરમ લક્ષ્ય છે માનવમાત્રનું કલ્યાણ કરવું. કોઈ પણ પરિસ્થિતિમાં વ્યક્તિએ ઈશ્વરપ્રાપ્તિથી વંચિત ન રહેવું જોઈએ કારણકે ઈશ્વરની પ્રાપ્તિ જ મનુષ્ય જીવનનો પરમ ઉદ્દેશ છે. પરુતં ભ્રમવશ માનવ અનેક પ્રકારે પોતાની ઈન્દ્રિયોને તૃપ્ત કરવાના પ્રયત્નોમાં ડૂબી જાય છે અને દુ:ખો સિવાય એને કંઈ જ મળતું નથી.

ભગવદ્ગીતા આજ ભ્રમ-ભેદને દૂર કરીને એક ખૂબ જ સરળ, સહજ અને સર્વોચ્ચ દિવ્ય જ્ઞાનયુક્ત માર્ગનું માર્ગદર્શન કરે છે. ગીતાનાં અમૃતવચનોનું આચમન કરવાથી મનુષ્યને ભોગ અને મોક્ષ બંનેની પ્રાપ્તિ થાય છે ગીતા માનવને માનવમાંથી મહેશ્વર બનાવવાની શક્તિ ધરાવે છે ગીતા મૃત્યુ પછી નહિ પરંતુ જીવતાં જ મુક્તિનો અનુભવ કરાવવાનું સામર્થ્ય ધરાવે છે.

જયારે બીજા બધા ધર્મગ્રંથો કરતાં ભગવદ્ગીતાની ખાસિયત એ છે કે તેમની રચના જયાં હાથિઓ ચીસો પાડી રહ્યા હોય, ઘોડાઓ હણહણી રહ્યા હોય, રણશિંગા વાગી રહ્યા હોય, અનેક યોદ્ધાઓ પ્રતિપક્ષ માટે વેરની આગમાં સળગતા હોય એવી જગ્યાએ ભગવાન શ્રીકૃષ્ણે ગીતાની શીતળધારા વહેવડાવી છે. ભગવાન શ્રીકૃષ્ણે ગીતાના માધ્યમ દ્વારા અરણ્યની વિદ્યાને રણના મેદાનમાં લાવી દીધી,

શાંત ગિરિ-ગુફાઓનો ધ્યાનયોગ યુદ્ધના કોલાહલભર્યા વાતાવરણમાં પણ સમજાવી દીધો એ રીતે જોતાં બધાજ ધર્મગ્રંથો કરતાં તેની ખાસિયત વિશેષ જોવા મળે છે.

શ્રીમદ્ ભાગવદ્દગીતા એક એવો રહસ્યમય ગ્રંથ છે કે તેમાં બધા વેદોનો સાર સંગ્રહ કરી લેવામાં આવ્યો છે. તેમજ તેમની સંસ્કૃત ભાષા એટલી સુંદર અને સરળ છે કે તેને સામાન્ય માણસ પણ સરળતાથી સમજી શકે છે પરંતુ તેનું રહસ્ય એટલું ગંભીર છે કે તેમનો અભ્યાસ આખું જીવન કરતા રહેવાથી પણ સંપૂર્ણ રીતે જાણી શકાય એમ નથી. તેમાંથી રોજે રોજ નવા નવા ભાવો ઉપજતા જ રહે છે. માટે આ ગ્રંથ હંમેશા નવીનતાથી ભર્યો ભર્યો જ રહે છે; તેમજ એકાગ્રચિત્ત થઈને શ્રદ્ધા-ભક્તિ સાથે વિચારવાથી એના પદે પદે પરમ રહસ્ય છુપાયેલુ પ્રત્યક્ષપણે જણાઈ આવે છે. ભગવાનના ગુણ, પ્રભાવ અને મર્મનું વર્ણન જેવું ગીતાશાસ્ત્રમાં આવ્યું છે. એવું સ્વરૂપ અન્ય ગ્રંથોમાં મળવું મુશ્કેલ છે, કારણ કે મોટાભાગના ગ્રંથોમાં ઘણે ભાગે કંઈ ને કંઈ સંસારિક વિષય ભળેલો રહે છે.

સંસારની કોઈ પણ પરિસ્થિતિનો સામનો કરવા માટે ગીતામાંથી તેમનું સમાધાન મેવળી શકાય છે. તેમજ આપણને તેમાંથી સંપૂર્ણપણે માર્ગદર્શન મળી રહે છે. એટલે જ તો મહાત્મા ગાંધીજીએ પણ કહ્યું છે કે, -

" એકવાર મારો અંતકાળ પાસે આવેલો જણાયો ત્યારે ગીતા મને બહુ જ આશ્વાસનરૂપ થઈ હતી. જયારે જયારે હું બહુ ભારે મુશ્કેલીઓથી ઘેરાઈ જાઊં છું ત્યારે ત્યારે હું ગીતા માતાની પાસે દોડી જાઊં છું અને તેમાંથી મારું સમાધાન ન થયું હોય એવું કદી બન્યું નથી.

એમના વિધાનમાંથી આપણને ખ્યાલ આવે છે કે જીવનની કોઈ પણ પરિસ્થિતિનો ઉકેલ તેમાંથી કોઈને પણ મળી શકે છે. મનુષ્યના જીવનના સર્વાંગી વિકાસ માટે, ભોગ અને મોક્ષની સિદ્ધિ માટે, નિર્ભયતા, નિર્લેપતા, ક્ષમતા વગેરે દૈવી ગુણોથી વિભૂષિત થઈ જીવનને યોગયુક્ત બનાવવા માટે ગીતાગ્રંથ વિશ્વમાં અદ્વિતિય ધર્મગ્રંથ છે.

ગીતા સાક્ષાત ભાવના શ્રીકૃષ્ણના મુખારવિંદમાંથી નિકળેલી વાણી છે. એનું સંકલન કરનારા શ્રીવ્યાસજી છે. ભગવાન શ્રી કૃષ્ણે પોતાના ઉપદેશનો ઘણો ખરો અંશ તો પદ્યોમાં જ કહ્યો હતો, જેને શ્રીવ્યવસજીએ એમનો એમ ઉતારી લીધો. થોડોઘણો અંશ કે જે એમણે ગદ્યમાં કહ્યો હતો, તેને વ્યાસજીએ પોતે શ્લોકબદ્ધ કરી દીધો; સાથે સાથે અર્જુન, સંજય તથા ધૃતરાષ્ટના વચોનોને પોતાની ભાષામાં શ્લોકબદ્ધ કરીને ઢાળી દીધો અને સાતસો શ્લોકના આખાય ગ્રંથને અઢાર અધ્યાયોમાં વિભાજીત કરીને 'મહાભારત' માં મૂકી દીધો. જે આજે આપણને આ રૂપમાં મળ્યો છે.

ભગવાને 'શ્રીમદ્ ભગવદ્દગીતા' રૂપી એક એવું અનુપમ શાસ્ત્ર કહ્યું છે, જેમાં એક પણ શબ્દ સદ્દુપદેશ વિનાનો નથી. શ્રી વેદવ્યાસજીએ મહાભારતમાં ગીતાજીનું વર્ણન કર્યા બાદ કહ્યું છે, -

''गीता सुगीता कर्तव्या किमन्ये शास्त्रविस्तरैः ।
या स्वयं पद्मनाभस्य मुखपद्माद विनिः सृता ।।''

(ગીતા સુગીતા કરવા યોગ્ય છે એટલે કે શ્રી ગીતાજીને સારી પેઠે વાંચીને અર્થ અને ભાવ સહિત અંત:કરણમાં ધારણ કરવી જોઈએ, કે જે સ્વયં પદ્મનાભ ભગવાન શ્રીકૃષ્ણના મુખ કમળમાંથી નિકળી છે.)

એટલે ભગવદ્દગીતાનો એક પણ શબ્દ 'એવો નથી કે જે કામનો ન હોય. તેમાંથી આપણે જેટલું લેવા માંગીએ તેટલું લઈ શકીએ છીએ. આપણા જીવનની પ્રત્યેક પરિસ્થિતિને પહોંચી વાળવા માટે પર્યાપ્ત છે એટલા માટે જ તો જગતના મહાન તત્વચિંતકોએ તેમાંથી જ્ઞાન મેળવીને ઉચ્ચતમ શિખરે પહોંચી શકયા છે. તેમજ હજારો વર્ષોથી આ ગ્રંથ હજુ જીવંત છે.

કેમકે તે એક રહસ્યમય ગ્રંથ છે. તેમાંથી નવા નવા અર્થો પણ નિકળ્યાજ કરે છે. તેમજ લોકોને તેમાંથી માર્ગદર્શન પણ મળતું રહે છે.

ગીતા એવો પ્રભાવશાળી ગ્રંથ છે જે મનુષ્યને નીચામાં નીચા સ્થાનથી ઉઠાવીને પરમપદની પ્રાપ્તિ સુધી લઈ જાય છે. વારંવાર તેમનું સેવન કરવાથી મનુષ્યમાં ગુણ, આત્મબળ, બુદ્ધિ, તેજ, જ્ઞાન અને કીર્તિની વૃદ્ધિ થાય છે. તેમજ પરમપદની પણ પ્રાપ્તિ થઈ શકે છે. મનુષ્યને ઉચ્ચત્તમ શિખરે પહોંચાડવામાં સમર્થ છે.

શ્રીમદ્ ભાગવદ્દગીતામાં સંયમ અને સહનશીલતાનું મહત્વ પણ ખૂબજ વર્ણવવામાં આવ્યું છે. ગીતાજીના બોધ અનુસાર સંસારમાં બધું જ પરિવર્તનશીલ છે. જેમ યોગ્ય સમય આવતાં ઋતુઓ બદલાય છે. તે જ પ્રકારે સુખ પછી દુ:ખ આવે છે. અને તેવી જ રીતે જીવનની પ્રતિકુળતા પણ કાયમની નથી, જયારે પણ જીવનમાં કપરો સમય આવે ત્યારે સંયમથી કામ લેવું. પરંતુ મોટાભાગે લોકો દુ:ખના સમયમાં નિરાશામાં ગરકાવ થઈ જાય છે. પરંતુ મનની હિંમતને કયારેય તુટવા ન દેવી જોઈએ. સમસ્યાઓથી ઘેરાયેલો હોય ત્યારે પણ પ્રભુ પર વિશ્વાસ અચૂક રાખવો કે જીવનના અંધારામાંથી પણ તે તેમને ઉગારશે. એવી શ્રદ્ધા રાખવાનું પણ ગીતામાંથી આપણને શીખવાનું મળે છે.

ગીતાના માધ્યમથી સંદેશો આપતા ભગવાન શ્રીકૃષ્ણ મનુષ્યને જણાવે છે કે હમેંશા ઉત્સાહવાદી રહેવું જોઈએ અને એક વાત યાદ રાખવી જોઈએ કે સંસારમાં બધું જ પરિવર્તનશીલ છે. જો આજે તમારી પાસે ધન નથી અને તમે જીવનમાં ધનની ઉણપ અથવા અછપ અથવા અભાવ અનુભવી રહ્યા છો તો નિરાશ ન થવું અને આશા રાખવી કે આ દિવસો પણ પસાર થઈ જશે. તેમજ સુખ – સંપત્તિ આવશે. ભગવાન કૃષ્ણ કહે છે કે જો તમે વારંવાર નિષ્ફળ થતા હોય તો સફળતાની આશા ગુમાવીને નિરાશ ન થવું જોઈએ પરંતુ ઈશ્વર પર ભરોસો રાખવો કે આજે નિષ્ફળતા છે તો ચોક્કસ આવતીકાલે સફળતા પ્રાપ્ત થશે જ કારણ કે પરિવર્તન એ જ સંસારનો નિયમ છે.

એક નજર ગીતા પર કરીએ તો સમજાય છે કે શ્રીમદ્ ભગવદ્દગીતાના દરેક અધ્યાયના અંતે ભગવાન કૃષ્ણએ પણ મનુષ્યને એ જ ઉપદેશ આપ્યો છે અને સાચો માર્ગ શું છે તે જણાવી દીધું છે. કપટીને મિથ્યાભિમાની કૌરવો સામે મક્કમતાથી લડી લેવાના મિજાજથી અર્જુને કરેલા સૂચનથી સારથિ શ્રીકૃષ્ણ ભગવાને કપિધ્વજ રથને બંને સેના વચ્ચે ઊભો રાખ્યો અર્જુને શત્રુ સેના તરફ મીટ માંડી તો લડવા તૈયાર ઊભેલા પૂજનીય ગુરુજનો અને સંબંધીઓ જોવામાં આવતાની સાથે જ એનો યુદ્ધ કરવાનો ઉન્માદ તરત ઉતરી ગયો, એ ધીર ધ્રુજી ઊઠયો ને ગાંડીવ હાથમાંથી સરી પડયું એ બોલી ઊઠયો કે આ ગુરુજનો સામે મારે લડવું જ નથી, એના સંહારનું ઘોર પાપ મારે કરવું નથી. એ મળતું રાજય પણ અમારે નહિ જોઈતું. એનાં કરતા ભટકીને ભલે ભૂખે મરવું પડે. પણ યુદ્ધ નહિ કરું આવી રીતે એમનું હૃદય પરિવર્તન થાય છે.

આમ અચાનક યુદ્ધના સમયે જ હિંમત હારીને બેસેલા અર્જુનને કર્તવ્યનું ભાન કરાવવા માટે હિંમત આપી યુદ્ધમાં સામી છાતીએ લડી લેવાના પોતાના ધર્મ-કર્મનો મર્મ સમજાવવા માટે શ્રીકૃષ્ણ ભગવાને જીવન કર્તવ્યના જે ગૂઢ રહસ્યો ઉચ્ચાર્યા એમાંથી આ ગીતાજીનું સર્જન થયું છે.

ગીતાકાર ભાવપૂર્વક કહે છે કે, માનવજીવન પણ એક રણસંગ્રામ જ છે. જીવનમાં આવતી મુસીબતોમાંથી ડરવાનું કે ગભરાઈને ભાગી જવાનું નથી પણ પ્રભુને સાથે રાખીને અદમ્ય ઉત્સાહ અને અડગ શ્રદ્ધાથી ઝઝૂમવાનું છે. ફળની આશા વિના કર્મ કરતા રહી, ઈશ્વરને સાથે રાખીને નિષ્કામભાવે કરેલા કર્મ જ યોગ છે. મારો ભક્ત કદી નાશ પામતો નથી, એના યોગ અને ક્ષેમનું વહન કરવાનું સદા તત્પર રહું છું. ગીતાજીમાં અખૂટ આશ્વાસનો સમાયેલા છે. જે જીવનમાં આવતાં સંઘર્ષો સામે ટકી રહેવાનું પ્રેરણાબળ પૂરું પાડે છે.

શ્રી મદ્ ભગવદ્દગીતામાં જ્ઞાનયોગ, ભક્તિયોગ અને કર્મયોગ ત્રણે વસ્તુનો સમાવેશ થયો છે. જે સમગ્ર માનવજાત માટે વરદાનરૂપ છે. તેમજ તેમાં ગહન તત્વજ્ઞાનનો નિચોડ જોવા મળે છે. જે કાલાતિત પણ છે. મનુષ્યમાત્રના ઉત્થાન માટે તેમનું નિરૂપણ કરવામાં આવયું છે. તેમાં કોઈ પણ જાતના ધર્મ, સંપ્રદાય, પંથનું નિરૂપણ કરવામાં આવ્યું નથી, તેમાં માત્ર માનવના કલ્યાણનું નિરૂપણ થયું છે.

આમ, શ્રીમદ્ ભગવદ્દગીતા ઉપર જગતના મહાન તત્વચિંતકોએ ભાષાંતરો અને વિવેચનો કર્યા છે. જેમાં શંકરાચાર્ય, સંત જ્ઞાનેશ્વર, લોકમાન્યટીળક, સ્વામીવિવેકાનંદ મહાત્માગાંધી, પાંડુરંગ આઠવલે શ્રી યોગેશ્વરજી વગેરે અનેક મહાત્માઓએ તેમના ઉપર ભાષ્ય પણ લખ્યા છે જે ભગવદ્દગીતાની ઉચ્ચત્તા બતાવે છે. એમના વિવેચનો ઉપરથી પણ આપણે જાણી શકીએ છીએ કે ભગવદ્દગીતામાં એવી કઈ વસ્તુ છે કે જે બધાને એમના તરફ આકર્ષે છે.

ખરેખર, ભગવદ્દગીતામાં નિરૂપાયેલ તત્વચિંતન ખૂબ જ ઊંડુ અને ગહન છે જેનો અભ્યાસ કરીને માનવમાત્ર પોતાનું કલ્યાણ કરી શકે છે.

કુંકણા નિરવાનભાઈ સી
કેવડી, તા.વાંસદા
જિ.નવસારી-૩૯૬૫૮૦
મો. ૯૭૨૭૩૬૩૨૫૫
Kunkananirvanbhai@gmail.com